Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 10, Issue 1, June 2024
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# સ્વચ્છતાના સામાજિક પરિબળો

**શ્રી. મહેશભાઇ એલ. વસાવા**

**પીએચ.ડી. સ્કોલર,**
**સમાજશાસ્ત્ર વિભાગ અને ટેમ્પરરી આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**મહાત્મા ગાંધી ગ્રામીણ અભ્યાસ વિભાગ,**
**વી.ન.દ.ગુ.યુનિ. સુરત, સુરત – ગુજરાત**

**સારાંશ**

***સ્વચ્છતાને બે રીતે જોઇ શકાય છે. ૧. આંતરિક અને ૨. બાહ્ય. કોઇ પણ સમાજે જો સુખી અને સમૃદ્ધ બનવું હોય તો તેણે ‘સ્વચ્છતા’ પર ભાર મૂકવો જ પડે છે. સ્વચ્છતામાં પર્યાવરણ, આરોગ્ય, સ્વાસ્થ્ય, શિક્ષણ, શુદ્ધ પીવાના પાણીની, શૌચાલય, ગટર વ્યવસ્થા, પ્રદૂષણ, ગંદકી, મૂતરડી, અસ્પૃશ્યતા, પોષણ આહાર સ્વચ્છતાના સાધનો, સામાજિક ભેદભાવ વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. સમાજ સ્વચ્છતા લાવવા કે સ્વચ્છતાના વિચારો ફેલાવવામાં અનેક સામાજિક પરિબળો મહત્વની ભૂમિકા ભજવે છે.***

(ચાવીરૂપ શબ્દો: સ્વચ્છતા, સામાજિક, પરિબળો)

**પ્રસ્તાવના:**

‘સ્વચ્છતા’ એ સમાજ અને સંસ્કૃતિ સાથે સંકળાયેલ બાબત છે કારણ કે જ્યાં સ્વચ્છતા હશે એ સમાજના લોકોની સંસ્કૃતિમાં સ્વચ્છતા સર્વોપરી હશે. ત્યા લોકો સ્વચ્છતાના આગ્રહી હોય છે. ત્યાના બાળકોના સામાજીકરણમાં સ્વચ્છતાના મૂલ્યોનું શિક્ષણ અપાતું હોય છે તથા એ મૂલ્યોનો લોકોએ આત્મસાત કર્યો હોય છે. મહાત્મા ગાંધીએ કહ્યુ હતુ કે રાજનીતિક સ્વતંત્રતાથી વધુ જરૂરી સ્વચ્છતા છે. તેમનુ માનવું હતું કે જો કોઈ વ્યક્તિ સ્વચ્છ નથી તો તે સ્વસ્થ નથી રહી શકતો. માનવ જીવનમાં ‘સ્વચ્છતા’ એ પાયાની બાબત છે.

સ્વચ્છતાને બે રીતે જોઇ શકાય છે. ૧. આંતરિક અને ૨. બાહ્ય. આંતરિક સ્વચ્છતામાં હૃદય મન અને મગજમાં શુદ્ધ અને સાત્વિક વિચારો, ધર્મ અને આધ્યાત્મિકતાની પ્રભુત્વતા તેમજ વર્તન પ્રણાલીકાનો સમાવેશ થાય થાય છે. જ્યારે બાહ્ય સ્વચ્છતામાં સામુદાયિક આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ, સારી સામાજિક-આર્થિક સ્થિતિ વગેરેનો સમાવેશ થાય છે. જો આંતરિક સ્વચ્છતા હશે તોજ બાહ્ય સ્વચ્છતા લાવી શકાશે. કોઇ પણ સમાજે જો સુખી અને સમૃદ્ધ બનવું હોય તો તેણે 'સ્વચ્છતા' પર ભાર મૂકવો જ પડશે. તેથી જ કહેવાયું છે કે 'સ્વચ્છતા આવે સમૃદ્ધિ લાવે'.

**સ્વચ્છતાનો અર્થ:**

સ્વચ્છતા શબ્દ લેટીન ભાષાનાં 'Sanitas' ઉપરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ આરોગ્ય થાય છે અને તેના પરથી 'Sanitation' સ્વચ્છતા જાળવણી અર્થ બન્યો. જેમાં પીવાના પાણીનો પુરવઠો, કચરાનો સંગ્રહ, માનવ કચરાનો સુરક્ષિત નિકાલ અને તેને લગતી કામગીરીનો સમાવેશ થાય છે જેથી રોગો અટકાવી શકાય.

સામાન્ય રીતે મોટેભાગે સ્વચ્છતાનો અર્થ જીવાતોને કારણે રોગોનો ફેલાવો અટકાવવા માટેની પદ્ધતિ એવો થાય છે. છતાં સફાઈ પ્રક્રિયામાં (ઉદા. હાથ ધોવા) સંક્રમક ગંદકી અને માટી સ્વરૂપે રહેલા જીવાણુઓને સારી રીતે દૂર કરવામાં આવે છે, મોટા ભાગે તેને જ સ્વચ્છતા પ્રાપ્ત કરી કહેવાય છે.

વિશ્વ આરોગ્ય સંગઠન "સ્વચ્છતા" શબ્દને નીચે મુજબ વ્યાખ્યાયિત કરે છે: "સ્વચ્છતા સામાન્ય રીતે માનવ પેશાબ અને મળના સુરક્ષિત નિકાલ માટે સુવિધાઓ અને સેવાઓની જોગવાઈનો ઉલ્લેખ કરે છે. 'સ્વચ્છતા' શબ્દ કચરો સંગ્રહ અને ગંદા પાણીના નિકાલ જેવી સેવાઓ દ્વારા સ્વચ્છતાપૂર્ણ પરિસ્થિતિઓ જાળવવાનો પણ ઉલ્લેખ કરે છે."

સ્વચ્છતામાં પર્યાવરણ, આરોગ્ય, સ્વાસ્થ્ય, શિક્ષણ, શુદ્ધ પીવાના પાણીની, શૌચાલય, ગટર વ્યવસ્થા, પ્રદૂષણ, ગંદકી, મૂતરડી, અસ્પૃશ્યતા, પોષણ આહાર સ્વચ્છતાના સાધનો, સામાજિક ભેદભાવ વગેરે જેવી બાબતોનો સમાવેશ કરી શકાય. સમાજ સ્વચ્છતા લાવવા કે સ્વચ્છતાના વિચારો ફેલાવવામાં અનેક સામાજિક પરિબળો મહત્વની ભૂમિકા ભજવે છે. જે આ મુજબ છે.

**(1) સંચાર માધ્યમો :**

સમાજમાં સ્વચ્છતા લાવનાર પરિબળો પૈકી સંચાર માધ્યમો ખૂબ જ મહત્વના છે. આ માધ્યમોમાં ટેલિવિઝન, ચલચિત્રો, રેડિયો, વર્તમાનપત્રો, કમ્પ્યૂટર, ઇન્ટરનેટ વગેરે ગણાવી

શકાય, જેનાથી સ્વચ્છતાના વિચારો, મૂલ્યો અને પદ્ધતિઓનું પ્રસારણ ઝડપી બન્યું છે. આવા માધ્યમોમાં દર્શાવવામાં આવતી સ્વચ્છતાથી લોકોને તેનું મહત્વ સમજાવા માંડ્યું છે. તેનાથી થતાં ફાયદા પણ સમજાય એવા સાધનો એવું પણ નિર્દેશન પણ કરતા હોય છે. જેમકે રોગચાળો કે માંદગીના કારણોમાં સ્વચ્છતાની હિમાયત કરે છે. લોકો પર આવા માધ્યમોની અસર સવિશેષ હોય છે. તેથી લોકો સ્વચ્છતા તરફ આકર્ષિત બને છે. આમ સંચાર સાધનો એ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્વચ્છતા લાવવાનું પરિબળ બને છે.

**(2) શિક્ષણ** :

સમાજમાં પરિવર્તન લાવવાનું શ્રેષ્ઠ અને ઉત્તમ પરિબળ એટલે શિક્ષણ. આ શિક્ષણ ઔપચારિક અને અનૌપચારિક રીતે અપાય છે. શિક્ષણ દ્વારા સ્વચ્છતાના વિચારો, વલણો, વર્તનો અને તાલીમમાં સ્વચ્છતાનું જ્ઞાન અપાય છે. શાળાઓમાં સ્વચ્છતાને વિશેષ મહત્વ અપાય છે. કુટુંબમાં તેના સભ્યો પરસ્પર સ્વચ્છતા શિખવીને કે શીખીને અપનાવતા હોય છે, કારણ કે સ્વચ્છતા એ કુટુંબ કે ઘરનું ઘરેણું ગણવામાં આવે છે. સ્વચ્છતા એ કુટુંબની પ્રતિષ્ઠા, માન-સન્માન અને આબરૂ વધારવાનું કાર્ય કરે છે. આથી સ્વચ્છતાનું શિક્ષણ કુટુંબીજનોનાં જીવનનો એક ભાગ બને છે.

**(3) આર્થિક વિકાસ** :

સમકાલીન સમયે વિશ્વના દરેક દેશોએ આર્થિક વિકાસ સાધ્યો છે. તેથી ભારતમાં પણ લોકોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે. લોકો આજે પોતાના માટે નાણાં ખર્ચ કરતા ખચકાટ અનુભવતા નથી. 'પહેલું સુખ તે જાતે નર્યાં' આ કહેવત નાણાં વાપરીને સાર્થક બનાવી છે. પોતાનું ઘર, શેરી, મહોલ્લો, ફ્લેટ્સ, આસપાસનું વાતાવરણ આરોગ્યપ્રદ રહે તે માટે કાળજી લે છે. તે માટે જરૂરી સાધનો વસાવવા ખર્ચ કરે છે. કુટુંબ દીઠ શૌચાલય હોય તે એક જરૂરિયાત બની ગઈ છે. તે માટે પણ ખર્ચ કરે છે. ગ્રામ સમુદાયમાં ગરીબી વધુ હોવાથી આર્થિક વિકાસ નીચો રહે છે. આથી સ્વચ્છતાના કે શૌચાલયના પ્રશ્નો હંમેશાં રહ્યા છે. પીવાના પાણી માટે, આરોગ્ય માટે જંતુનાશક દવાના છંટકાવ વિશે, સલામતિના સાધનો માટે, ભાવિ પેઢી માટે વધુ ઉન્નત જીવનની અપેક્ષાઓ માટે, આર્થિક રીતે બોજારૂપ ગણવાની માન્યતાઓ ધીમે ધીમે દૂર થવા લાગી છે.

**(4) મનોવૈજ્ઞાનિક પરિબળો** :

વ્યક્તિની જૈવિક જરૂરિયાતોની માફક તેને મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો પણ હોય છે. દરેક વ્યક્તિને સ્વચ્છ રહેવું ગમે છે. પોતાનું કુટુંબ સ્વચ્છ મકાનમાં વસવાટ કરે એવી ઇચ્છા રાખે છે.

તેથી ઉલટું ઘરમાં ગંદકી, ગટર, કચરો, માંદગી, ગંદું પાણી વગેરે જેવી સ્થિતિ હોય તો લોકો શરમ અને સંકોચ અનુભવે છે. સ્વચ્છ ઘરથી સમાજમાં પ્રતિષ્ઠા મળશે. લોકોની સ્વીકૃતિ મળશે. તેમજ સ્વચ્છતા પ્રત્યેના માનસિક ખ્યાલો દ્વારા હકારાત્મક વર્તન પ્રણાલી વિકસે છે. સારા માનસિક સ્વાસ્થ્ય પાછળ સ્વચ્છતા રહેલી હોય છે.

**(5) ઉદારમતવાદ :**

ઉદારમતવાદ એ આધુનિક વિચારસરણી છે. આ વિચારસરણીએ માનવજીવન ઉપર વ્યાપક અસરો કરી છે. જેના રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિ અંગેનાં વિચારો, મૂલ્યો, માન્યતાઓ અને ધ્યેયોને પણ પરિભાષિત કરતી વિચારસરણી છે. ટૂંકમાં ઉદારમતવાદ, સમાનતા અને સ્વાતંત્ર્યની તથા દરેક પ્રકારના બંધનોમાંથી મુક્તિની હિમાયત કરતી તથા વિજ્ઞાન દ્વારા પ્રગતિ સાધવાની હિમાયત કરતી વિચારસરણી છે. સ્વતંત્રતા, સમાનતા અને માનવતા વગેરે તેનાં મૂલ્યો છે. પ્રગતિ તેનું ધ્યેય છે અને કાયદો આ ધ્યેયપ્રાપ્તિ માટેનું સાધન છે. આવી મહાન વિચારસરણીમાં વ્યક્તિનું મહત્વ વધે છે. સમાનતા અને સ્વતંત્રતા જેવા અધિકારો આ સિદ્ધાંતોના પાયાઓ છે. જેના લીધે ભારતીય સમાજમાં અસમાનતા, અસ્પૃશ્યતા ભેદભાવ, શોષણ વગેરેનો ભોગ બનતા કચડાયેલા વર્ગના લોકોને એક નવી વિચારસરણી મળી. લોકો જાગૃત બન્યા, સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ લોકોને નવજીવન મળ્યું અને તેઓ તેમના અધિકારો પ્રત્યે સભાન બન્યા.

**(6) સુલભ આંદોલન :**

સુલભ ઇન્ટરનેશનલ સોશિયલ સર્વિસીસ - ન્યૂ દિલ્હી દ્વારા અનેક સામાજિક સેવાના કાર્યો કરવામાં આવે છે. સ્વચ્છતા, પર્યાવરણ, અસ્પૃશ્ય લોકોને સફાઈ કર્મીના કાર્યોમાંથી મુક્તિ અપાવી નવા રોજગાર આપવા. શૌચાલય અને તેની જરૂરિયાત, બાંધકામ, પ્રસાર-પ્રચાર વગેરે જેવી સામાજિક પ્રવૃત્તિથી સ્વચ્છતાનું આંદોલન જગાવનાર ડૉ. બિન્દેશ્વર પાઠક કે જેઓ દ્વારા સુલભ આંદોલન વિશ્વભરમાં ચલાવી રહ્યા છે. આથી આવી પ્રવૃત્તિથી સ્વચ્છતા લાવી સમાજમાં પરિવર્તન લાવવાના ઘનિષ્ઠ પ્રયાસો કર્યા. લોકો શૌચાલયનો ઉપયોગ કરતા થયા, લોકોના વિચારો બદલાયા, ખુલ્લામાં જાજરૂ જવું એ માનવ ગરિમાને શરમ અને સંકોચમાં ફેરવી નાંખે છે. આવી વિચારસરણીના પ્રભાવથી સ્વચ્છતાને સામાજિક પરિવર્તનનું પરિબળ માનવામાં આવે છે

**(7) શહેરીકરણ :**

શહેરીકરણ એક એવી પ્રક્રિયા છે કે જેમાં ગ્રામીણ સમાજના લોકો સ્થળાંતર કરીને શહેરમાં વસવાટ કરવા માટે આવે છે. આથી શહેરની વસ્તી અને કદમાં પરિવર્તનો આવે છે. શહેરી સંપર્કોના લીધે ગ્રામીણ લોકો જ્ઞાતિના, ખાનપાનના નિયંત્રણોમાંથી મુકત બને છે. લોકોના વિચારો, વલણો, માન્યતાઓ, પોષાક, ખોરાક, જીવનદૃષ્ટિ વગેરે પર શહેરી સંસ્કૃતિની અસરો થવા લાગે છે. આથી ગ્રામીણ સંસ્કૃતિના મૂલ્યો બદલાતા સ્વચ્છતા સંબંધી ગંભીરતામાં બદલાવ આવે છે. નવી સંસ્કૃતિ, વિચારસરણી મુજબ જીવનશૈલી બને છે. તેમાં સ્વચ્છતાને કેન્દ્ર સ્થાને મુકાય છે. તેનું મહત્વ અને ઉપયોગિતા સમજાય છે અને આવા લાખો લોકોનું શહેરોમાં સ્થળાંતર થવાથી સ્વચ્છતાના મૂલ્યો સ્વીકારાય છે. તેથી લોકોમાં સામાજિક પરિર્તન આવે છે.

**(8) પશ્ચિમીકરણ** :

પશ્ચિમીકરણ પણ એક સામાજિક પરિવર્તન લાવનારી એક સામાજિક પ્રક્રિયા છે. જેનો ખ્યાલ શ્રીનિવાસે આપ્યો છે. પશ્ચિમીકરણ અને શહેરીકરણ વચ્ચે તેમણે તફાવત દર્શાવ્યો છે. તેઓના મતે જેઓનું ખૂબ જ પશ્ચિમીકરણ થયું હોય એવા જૂથો સામાન્ય રીતે શહરોમાં જ જોવા મળે છે. એ સાચું પણ જેમનું પશ્ચિમીકરણ શહેરી જૂથો કરતાં પણ વધુ થયું હોય એવા કેટલાંક જૂથો ભારતના ગ્રામસમુદાયોમાં પણ જોવા મળે છે. આવા પશ્ચિમીકરણથી લોકોના પહેરવેશ, ખાનપાન, નૃત્યગાન જેવા પાસાઓમાં પરિવર્તન આવ્યું. પશ્ચિમના દેશોની વિચારસરણીની ભારતીય સમાજ અને સંસ્કૃતિ પર અસર થઈ તેથી ત્યાંના વિચારો, વર્તનો, મૂલ્યો લોકોમાં સ્વચ્છતા અંગેનાં ખ્યાલોમાં પરિવર્તનો આવ્યા. ત્યાંની સ્વચ્છતાની સૂટેવોનો પ્રભાવ ભારતીય લોકો પર પડ્યો. લોકો શિક્ષિત બન્યા. લોકોના સામાજિક સંબંધો પર અસરો થઈ. સમાજ સુધારણાની પ્રવૃત્તિઓનો પ્રાદુર્ભાવ થયો. નવા સમાજ સુધારકો દ્વારા નવજાગૃતિના મંડાણ થયા.

**(9) આધુનિકીકરણ** :

આધુનિકીકરણની પ્રક્રિયા શિક્ષણ, રાજય, ધર્મ, કુટુંબ, જ્ઞાતિ, કાનૂન, સ્ત્રીજીવન, સંસ્કૃતિ, અર્થવ્યવસ્થા જેવા ક્ષેત્રે આધુનિક વિચારો મૂલ્યોના સ્વીકાર દ્વારા નવું પરિવર્તન સૂચવે છે. જૂના મૂલ્યો અને વિચારોને ત્યજી આધુનિકતાને અપનાવવાની આ પ્રક્રિયા છે. આથી લોકોના મનમાં સ્વચ્છતા પ્રત્યેની વ્યક્તિગત અને સામૂહિક કક્ષાએ રહેલી માન્યતાઓમાં પરિવર્તનો આવ્યા. આધુનિક મૂલ્યોથી બુદ્ધિવાદનો વિકાસ થયો. કોઈ પણ બાબતને કાર્યકારણ સંબંધની દૃષ્ટિએ મૂલવવાનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિકાસ થયો.

**(10) ભારતનું સંવિધાન અને કાયદાઓ** :

ભારતના સંવિધાનનું આમુખ, વ્યક્તિનું ગૌરવ, સમાનતા, સ્વાતંત્ર્ય, ન્યાય, બિનસાંપ્રદાયિકતા વગેરે સિદ્ધાંતોની ઘોષણા કરે છે. આ સિદ્ધાંતોને મૂળભૂત અધિકારો અને રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દ્વારા મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું છે. બંધારણના ભાગ-3 માં દર્શાવેલા 'મૂળભૂત અધિકારો'માં દરેક નાગરિકને કાનૂન સમક્ષ સમાનતાનો અધિકાર અપાયો છે. તેથી કોઈપણ પ્રકારે થતા ભેદભાવને નાબૂદ કરવામાં આવ્યો છે. અસ્પૃશ્યતાને તમામ સ્વરૂપે નાબૂદ કરવામાં આવેલ છે. વ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકાર દ્વારા વ્યક્તિને ગુલામી, ભેદભાવ, શોષણમાંથી મુક્તિ મળી અને વ્યક્તિત્વ વિકાસ માટેની આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ થયું. ભારતના બંધારણ દ્વારા આવા મૂળભૂત અધિકારો મળવાથી સ્વચ્છતાના કાર્યોમાં રોકાયેલા લોકો પ્રત્યે અસ્પૃશ્યતા જેવા વ્યવહારોમાંથી મુક્તિ મળી. નવા વ્યવસાયો કરવાનું પ્રોત્સાહન પણ મળ્યું.

**સંદર્ભસુચિ:**


ડો. અનીલ એસ. વઘેલા (૨૦૧૫) 'સ્વચ્છતાના સમાજશાસ્ત્રનું સ્વરૂપ' કલ્યાણ પબ્લિકેશન દિલ્લી.

સુલભ સ્વચ્છતા આંદોલન, સુલભ ઇન્ટર નેશનલ સૌરભ સર્વિસ ઓર્ગેનાઇઝેશન.

રામાભાઇ બાવાભાઇ ચૌધરી 'ગાંધીજીના વિચાર કેંદ્રી સાહિત્યકૃતિ મહાત્માની પગદંડી પર.. ગાંધીજી અને સ્વચ્છતા' Online Journal of Multidisciplinary Subject, Volume-16 Issue-4 March-2023

https://en.wikipedia.org/wiki/Sanitation#Definitions